Parul™ University

# 2nd convocation 2018

# PRESS COVERAGE

દિવ્ય ભાસ્કર 01-Dec-2018

# city ભાસ્કર

## સરકારી સ્કૂલો સક્ષમ બનાવી સ્કૂલ શિક્ષણ મફત કરો તો જ ભારત મહાસત્તા બની શકે







SANDESH — SATURDAY 01•12•2018

## આજે પારુલ યુનિ.ના કોન્વોકેશનમાં દિપા મલિક અને આનંદકુમાર ઉપસ્થિત રહેશે

### 1104 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે, દિપા મલિકે પેરાલિમ્પિકમાં ભારતને મેડલ અપાવ્યો તો આનંદકુમારે 422 વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે

Convocation





દિવ્ય ભાસ્કર 30-Nov-2018 વડોદરા-સિટી ભાસ્કર Page 1

૪૮૦ ગરીબ વિદ્યાર્થીને UPSC ક્લીયર કરાવનાર આનંદ કુમાર કહે છે -

## જાતિ-ધર્મને આધારે નહીં, પણ મેરિટ આધારે સ્કોલરશિપ અપાવી જોઈએ

### પારુલ યુનિ.ના કોન્વોકેશનમાં પદ્મશ્રી ડૉ. દીપા મલિકની પણ હાજરી



કોન્વોકેશનમાં ઉપસ્થિત રહેલાં પદ્મશ્રી ડૉ. દીપા મલિક અને ગણિતશાસ્ત્રી તથા સુપર ૩૦ના ફાઉન્ડર આનંદ કુમાર નજરે પડે છે.

### मैं तो वो मांझी हूं जो तीनके का सहारा भी ढूंढ लूंगी !

### દેશમાં સારા શિક્ષકોની ઊણપ છે

### નેતાઓ અને ગુંડાઓએ ધમકી આપી અને હુમલો પણ કરાવ્યો

### ગણિતશાસ્ત્રી આનંદ કુમારનો સક્સેસ મંત્ર !

## અર્જુન એવોર્ડ અને પદ્મશ્રીથી સન્માનીત દિપાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા

# પારૂલ યુનિ.ના કોન્વોકેશનમાં દેશના ગૌરવવંતા રીયલ લાઈફ હીરો પધાર્યા

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા. ૩૦

વડોદરા ખાતે આવેલ પારૂલ યુનિ.ના દ્વિતીય કોન્વોકેશનનું આયોજન તારીખ ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ કરવામાં આવેલ હતું જે અંતર્ગત પારૂલ યુનિ.ની ૧૬ ફેકલ્ટીના કુલ ૧૧૦૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીઓ પૈકી ૨૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# સુપર ૩૦ના સ્થાપક આનંદ કુમારએ સમાજ સેવાની પ્રેરણા આપી : દિપાએ દેશદાઝ જગાવ્યો

કોન્વોકેશનના મુખ્ય અતિથિ તરીકે ડૉ. દિપા મલિકને આમંત્રિત કરવામાં આવેલ હતા. દિપા પેરાલિમ્પીક

## ૧૧૦૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત : ૨૩ને ગોલ્ડ મેડલ

ગેમ્સમાં ભારતને મેડલ અપાવનાર સૌ પ્રથમ મહિલા છે. ૨૦૧૬ના સમર પેરાલિમ્પીકમાં શોટપુટમાં તેઓએ ભારતને સિલ્વર મેડલ અપાવવામાં સફળતા મેળવી હતી. ૨૦૧૮માં દુબઈ ખાતે આયોજીત પેરાએથ્લેટીક ગ્રાંડપ્રીમાં જેવેલીનની સ્પર્ધામાં તેઓએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. દિપા એક પ્રેરણા દાયક વક્તા છે અને તેઓએ કોન્વોકેશન દરમિયાન વિદ્યાર્થીઓને પોતાની જીવન કથા થકી પ્રેરીત કર્યા હતા.

બિહારના આનંદ કુમાર પારૂલ યુનિ.ના કોન્વોકેશનમાં અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓ પ્રત્યેક વર્ષે બિહારના આર્થિક રીતે નબળા વર્ગથી આવતા ૩૦ વિદ્યાર્થીઓને આઈઆઈટીમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવતી જેઈઈ પરીક્ષાની નિઃશૂલ્ક તૈયારી કરાવે છે. તેઓ દ્વારા ૨૦૦૨થી ચાલુ કરવામાં આવેલ આ કાર્યક્રમને સુપર ૩૦ના નામથી ઓળખવામાં આવે છે. આજ દિન

## સુપર ૩૦ ઉપર ફિલ્મ બનાવી રહ્યા છે રીતીક રોશન

સુધી તેઓ દ્વારા ટ્રેઈન કરવામાં આવેલ ૪૮૦ વિદ્યાર્થીઓ પૈકી ૪૨૨ વિદ્યાર્થીઓ આઈઆઈટીમાં પ્રવેશ મેળવવામાં સફળ થયા છે. એમઆઈટી અને હાર્ડવર્ડ યુનિ.માં પણ તેઓ લેકચર આપી ચુક્યા છે. ***

...વર્સિટીનો બીજો પદવીદાન સમારોહ દબદબાભેર સંપન્ન

# ૨૨ ગોલ્ડ મેડલ્સ સહિત ૧૬ ફેકલ્ટીના ૧૧૦૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત

## પદ્મશ્રી ડો. દીપા મલિક, સુપર 30ના ફાઉન્ડર આનંદકુમાર સહિત અન્ય ઉપસ્થિત રહ્યાં




વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં પદ્મશ્રી ડો. દિપા મલીક, ગણીતશાસ્ત્રી અને સુપર 30ના ફાઉન્ડર આનંદકુમાર

। વડોદરા ।

વડોદરા શહેર પાસે આવેલી તેમજ ઉચ્ચ શિક્ષણ માટે સમગ્ર રાજ્યભરના વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બનેલી પારૂલ યુનિવર્સિટીના દબદબાભેર આયોજિત કરાયેલાં બીજા પદવીદાન સમારોહમાં સાયન્સ, એન્જિનિયરીંગ, ફાઈન આર્ટ્સ, મેડિસીન સહિત વિવિધ ૧૬ ફેકલ્ટીઓના ૧૧૦૮ વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનનાં પૂર્ણાહુતિએ તેમને પદવી એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા.

બિહારમાં ગરીબ પરિવારના ૪૮૦ વિદ્યાર્થીઓને IIT અને UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાનું શિક્ષણ આપી ટોચ પર પહોંચાડનાર ગણિતશાસ્ત્રી અને સુપર ૩૦ના ફાઉન્ડર આનંદ કુમારે કોન્વોકેશનમાં હાજર વિદ્યાર્થીઓને કહ્યું કે, એજ્યુકેશન પોલિસીમાં સૌથી વધુ બદલાવ જરૂરી છે. એવો બદલાવ આવવો જોઈએ કે, સરકાર કોઈ પણ ક્ષેત્રમાં જાતિ-ધર્મને આધારે નહી મેરિટ પર સ્કોલરશિપ આપે અને કોઈ વિદ્યાર્થીનો અભ્યાસ પૈસાના અભાવે અટકી ન જાય.

જ્યારે પેરા ઓલિમ્પિકમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવનાર પદ્મશ્રી ડો. દીપા મલિકે વિદ્યાર્થીઓને કહ્યું કે, ૨૦૧૦માં ગોલ્ડ મેડલ જીતનારી હું પહેલી ભારતીય મહિલા હતી. ત્યારબાદ લોકો કહ્યું કે, નિવૃત્ત થઈ જાવ. ૨૦૧૪માં એશિયન ગેમ્સમાં ફરી મેડલ મળ્યો અને ચાર વર્ષ બાદ ૨૦૧૮માં ફરી એક મેડલ જીતી રેકર્ડ બનાવ્યો. કહેવાનો અર્થ છે કે, ૪૮ વર્ષની ઉંમરે પણ હું દેશમાં રમી રહી છું, શીખી રહી છું અને જીતી રહી છું.

## પદ્મશ્રી ડો. દિપા મલીકે વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી

### પારૂલ યુનિવર્સિટીએ મને રેલવેની રાષ્ટ્રીય એકેડેમીમાં સ્થાન અપાવ્યું

દ્વિતીય દીક્ષાંત સમારોહના તેજસ્વી તારલા પૈકીના એક વિનીત સક્સેનાએ પારૂલ યુનિવર્સિટીમાંથી એમ. ટેક.નો અભ્યાસ કરી શ્રેષ્ઠ



દેખાવ કરવાની સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તેમણે પોતાની સિધ્ધિ બદલ પારૂલ યુનિવર્સિટીનો આભાર માનતાં ઉમેર્યું હતું કે, જ્ઞાન અને ટેકનિકલ કૌશલ્યમાં વધારો કરવાના ધ્યેય સાથે જ મેં પ્રવેશ મેળવ્યો હતો. યુનિવર્સિટી ખાતે મને મળેલા સહયોગ અને માર્ગદર્શનને કારણે જ હું મારો ધ્યેય પામી શક્યો છું. અને હાલમાં દેશભરમાં પ્રતિષ્ઠિત મનાતી ભારતીય રેલવેની રાષ્ટ્રીય એકેડેમીમાં ડેપ્યુટી ડાયરેક્ટર જેવાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત થવાનું બહુમાન પામી શક્યો.

### E T NOW દ્વારા બહોળું પ્લેસમેન્ટ આપતી શ્રેષ્ઠ યુનિવર્સિટી તરીકે પુરસ્કૃત

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આંતરરાષ્ટ્રીયસ્તરે નામનાપ્રાપ્ત E T NOW દ્વારા તાજેતરમાં પારૂલ યુનિવર્સિટીને બહોળા પ્લેસમેન્ટની સુવિધા પૂરી પાડતી અગ્રણી શૈક્ષણિક સંસ્થાન તરીકે પુરસ્કૃત કરવામાં આવી છે. પારૂલ યુનિવર્સિટી ખાતે હાલ વિવિધ ૨૧ ફેકલ્ટીસ તથા ૩૪ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જેમાં ૧૨૦૦ વિદેશીની સાથે કુલ ૨૫ હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ તેમની પસંદગીનું ગુણવત્તાભર્યું ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યાં છે.

### મૈં તો વો માંઝી હૂં જો તીનકે કા સહારા ભી ઢૂંઢ લૂંગી !

પદ્મશ્રી ડો. દીપા મલિક અપંગ છે અને વ્હીલ ચેર પર ફરે છે. તેમણે જણાવ્યું હતું કે યુનિ., ઘર, દુકાન સહિતના સ્થળે રેમ્પ બનાવવાં જોઈએ. દરેક નાગરિકની જવાબદારી છે કે તેઓ બીજા માટે પણ વિચારે. બધું સરકાર પણ છોડી દેવાય નહી.પોતાની જિંદગી સાથેની લડતને કવિતા દ્વારા વર્ણવતા કહ્યું હતું. જિંદગી તુમને તુફાન બનાકે દી, તો ક્યા અપની નૈયા કો ભવસાગર મેં ડૂબને દૂંગી?

16 ફેકલ્ટીના 1104 વિદ્યાર્થીઓએ ભારતીય પરંપરાગત વસ્ત્રો પરિધાન કરી પદવી ગ્રહણ કરી, આનંદકુમાર અને દિપા મલિકના ધુંવાધાર સંબોધન સાથે વિદ્યાર્થીઓની કારકિર્દી શરૂ થઈ

# પારૂલ યુનિવર્સિટીના કોન્વોકેશનમાં શિક્ષક અને સાહસિકે અતિથી પદે સંબોધન કર્યું

વડોદરા | પારૂલ યુનિવર્સિટીની 16 ફેકલ્ટીના 1104 વિદ્યાર્થીઓને શુક્રવારે ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનની પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જ્યારે તેમાંથી 23 વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પેરાલમ્પિકમાં ભારતને સૌપ્રથમ સિલ્વર મેડલ અપાવનાર ડૉ. દિપા મલિક અને સુપર 30 કોન્સેપ્ટ દ્વારા દેશના 480 જરૂરીયાતમંદ યુવાનોને તૈયાર કરી તેમાંથી 422 વિદ્યાર્થીઓને આઇઆઇટીમાં એડમિશન અપાવી તેમને પગભર કરવા બદલ સન્માનિત શિક્ષક આનંદકુમાર ઉપસ્થિત રહ્યા હતા. બન્ને મેન્ટરોએ વિદ્યાર્થીઓ સમક્ષ




તેમની લાઇફ જર્ની શેર કરી હતી. ઉપરાંત એવા ઉદાહરણ પણ પ્રસ્તુત કર્યા હતા જેનાથી વિદ્યાર્થીઓ ભણતર માટે નવો અભિગમ સિંચે. આનંદ કુમારે જણાવ્યુ હતું કે, જ્યાં સુધી તમારામાં ભણતરની તરસ નથી ત્યાં સુધી સફળતા નહીં મળે. ડૉ. દિપા મલિકે હિંમત કે ઝનૂન રૂપિયાથી નહીં પણ અંતરમાંથી ઉપજે છે તેમ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું.

## 480 વિદ્યાર્થીઓને ભણાવી 422ને IITમાં મોકલનાર સુપર-30 ફેમ આનંદકુમારે

### શિક્ષકોએ જાગતા રાખ્યા, મેનેજમેન્ટે સુવિધા આપી

પારૂલ યુનિ.ના પ્રોડક્શન એન્જિનીયરીંગના માસ્ટર્સના ગોલ્ડમેડાલીસ્ટ વિદ્યાર્થી વિનીતકુમાર સક્સેનાએ કોન્વોકેશન વેળા જણાવ્યુ હતું કે, પ્રેક્ટિકલ એક્સપોઝર સાથે અભ્યાસનો અનુભવ પારૂલ યુનિવર્સિટીમાં શિક્ષણકાળ દરમિયાન શ્રેષ્ઠ હતો. અપડેશનની પ્રક્રિયા સાથે ભણતર ચાલતું હોવાથી દુનિયામાં આવતા જતા વિવિધ ક્ષેત્રોના બદલાવ સાથે રહેવાયું અને માટે જ ફિલ્ડમાં જોબ મેળવવામાં સુગમતા રહી. શિક્ષકોએ જાગતા રાખ્યા અને મેનેજમેન્ટે સુવિધાઓ પુરી પાડી. જેને કારણે ભણતરમાં આવતી નાની-મોટી તકલીફો પડી નહીં.

### હું PM બનું તો પહેલાં જાતિ નહીં, મેરિટને આધારે જરૂરીયાતમંદો માટે સ્કોલરશિપ જાહેર કરું : આનંદકુમાર

**Q સ્કૂલોની ફી બાબતે ગુજરાત સરકારના પગલાં કેવા છે?**

કોઈને કહેવા કરતાં પોતાનામાં બદલાવ લાવવો જરૂરી છે. સરકારે પ્રાઈવેટ સ્કૂલોને કહેવા કરતાં સરકારી શાળાઓને એવી બનાવવી જોઈએ કે લાખોની ફી લેતી પ્રાઈવેટ સ્કુલોને તાળા વાગી જાય. પ્રાઈમરીથી જ શિક્ષણ દરેક વ્યક્તિને પોષાય તેવું સસ્તું અને મૂલ્યવાન હોવું જોઈએ.

**Q ભાર વિનાના ભણતરના અભિયાન વિશે શું કહેશો?**

ભાર વિનાનું ભણતર હોવું જોઈએ. અત્યારે બાળકો ગોખણપટ્ટીના દબાણમાં અને તણાવમાં છે. ખરેખર તો બાળકનો જ્ઞાન સાથે આત્મસાદ થવો જોઈએ. ઉપરાંત સિસ્ટમમાં બદલાવની જરૂર છે. હુ પી.એમ બનું તો તમામ જરૂરીયાતમંદોને જાતિ નહીં, મેરિટને આધારે સ્કોલરશિપ મળે તેની વ્યવસ્થા પહેલાં જ કરી દઉં.

**Q દેશમાં પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થા અંગે શું કહેશો?**


આનંદકુમાર

સમગ્ર દેશમાં એક જ બોર્ડ હોવું જોઈએ. તેના માટે કેન્દ્ર, રાજ્યોએ ભેગા મળીને કાર્ય કરવું પડશે. સરકારી સ્કૂલો અને ફાઈવ સ્ટાર સ્કૂલો વચ્ચેનો ખાડો પુરવાની તાતી જરૂર છે. હું સુપર 30 ક્લાસને દેશભરના તમામ રાજ્યોમાં લઈ જઈ નિ:શુલ્ક ભણાવીશ.


ડૉ.દિપા મલિક

### હાલત એ છે કે, માતા-પિતા બાળકને શિક્ષક બનાવતા નથી

સરકારની સ્કિમ શિક્ષક માટે સુલભ નથી. ડેડીકેટેડ અને ડિવોટેડ શિક્ષકોની સંખ્યા અત્યંત ઓછી છે. શિક્ષકોને ફેર ઈન્સેન્ટિવ મળતાં નથી. જેને કારણે શિક્ષણનું પ્રોફેશન અત્યંત દયનિય હાલતમાં છે. જે શિક્ષકો છે તેમાંના કેટલાંક માત્ર શોખ માટે શિક્ષણના પ્રોફેશનમાં છે. શિક્ષકને જ્યાં સુધી વ્યવસ્થિત અવસર નહીં આપવામાં આવે, ઈન્સેન્ટિવ નહીં આપવામાં આવે ત્યાં સુધી આ પ્રોફેશનમાં કોઇ આવશે જ નહીં. જેના માટે સરકાર ધ્યાન નહીં આપે તો વાત બનશે નહીં અને પહેલાં જેવા શિક્ષકો પાછા મળશે નહીં, ભણતર પણ એવું જ રહેશે.